ક્રમાંક:પરચ/સેલ્ફફાય/મેનેજમેન્ટ/પ્રવેશ/૨૦૨૫-૨૬/૧૦૯/સ્ટુડન્ટશાખા/૨૫
ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી,
છઠ્ઠો માળ, નેશનલ હેલ્થ મિશન ભવન,
સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર
તા.

પ્રતિ,
ડીનશ્રી,
જીએમઇઆરએસ મેડીકલ કોલેજ,
સોલા-અમદાવાદ, ગોત્રી-વડોદરા, ગાંધીનગર,ધારપુર-પાટણ હિંમતનગર,
જુનાગઢ, વડનગર, વલસાડ, મોરબી, પોરબંદર, નવસારી, રાજપીપળા-નર્મદા
અને ગોધરા-પંચમહાલ.

વિષય :- તબીબી સ્નાતક અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૫-૨૬ માટે સરકારી-સેલ્ફ ફાયનાન્સ/ મેનેજમેન્ટ કવોટા અને એન.આર.આઇ કવોટાની બેઠક ઉપર પ્રવેશ આપવા બાબત.

તબીબી સ્નાતક અભ્યાસક્રમમાં શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૫-૨૬ માટે જીએમઇઆરએસ હસ્તકની મેડીકલ કોલેજોની સ્વનિર્ભર બેઠકોની શૈક્ષણિક વાર્ષિક ફી રૂ.૩.૭૫/- લાખ તેમજ મેનેજમેન્ટ કોટાની શૈક્ષણિક વાર્ષિક ફી રૂ.૧૨/- લાખ અને એન.આર.આઇ કવોટાની શૈક્ષણિક વાર્ષિક ફી US $ ૨૫૦૦૦/- (પચ્ચીસ હજાર યુ.એસ ડોલર અથવા સમકક્ષ વિદેશી ચલણ) ના ધોરણો રાખવા મંજુરી મળેલ છે. તે મુજબ શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ માટે પ્રવેશ આપવાનો રહેશે. તેમજ એન.આર.આઇ કવોટાની બેઠકોમાંથી ખાલી રહેતી બેઠકો માટે મેનેજમેન્ટ કવોટામાં તબદીલ કરવામાં આવતા મેનેજમેન્ટ કવોટાના વાર્ષિક ફીના ધોરણ મુજબ પ્રવેશ આપવાનો રહેશે.

શૈક્ષણિક પ્રવેશ વર્ષ-૨૦૨૫-૨૬માં પ્રથમ વર્ષની નીચે જણાવેલ પત્રક મુજબ જીએમઇઆરએસ ની તેર (૧૩) મેડીકલ કોલેજોની બેઠકો ઉપર શૈક્ષણિક વાર્ષિક ફી રૂ. ૩.૭૫ લાખ સાથે સેલ્ફ ફાયનાન્સના લિસ્ટમાં દાખલ કરી સરકારી ક્વોટાની ૭૫% બેઠક પ્રમાણે કુલ-૧૫૦૦ બેઠકો ભરવાની રહેશે. તેમજ શૈક્ષણિક વાર્ષિક ફી રૂ.૧૨.૦૦ લાખ સાથે મેનેજમેન્ટ ક્વોટાની ૧૦% બેઠકો પ્રમાણે કુલ-૨૧૦ બેઠક સરકારી ક્વોટાની બેઠકો તરીકે એટલે કે શૈક્ષણિક વાર્ષિક ફી રૂ. ૩.૭૫ લાખ સાથે ભરવા માટે કેન્દ્રીય પ્રવેશ સમિતિને સરન્ડર કરવામાં આવે છે. તથા એન.આર.આઈ. ક્વોટાની ૧૫% લેખે કુલ-૩૧૫ બેઠકો ઉપર શૈક્ષણિક વાર્ષિક ફી US $ ૨૫ હજાર (પચ્ચીસ હજાર યુ.એસ. ડૉલર અથવા સમકક્ષ વિદેશી ચલણ) સાથે પ્રવેશ આપવાનો રહેશે. અને એન.આર.આઈ ક્વોટાની કુલ-૩૧૫ બેઠકોમાંથી ખાલી રહેતી બેઠકો મેનેજમેન્ટ ક્વોટામાં તબદીલ થતી હોઇ તે મુજબ વાર્ષિક રૂ.૧૨.૦૦ લાખની શૈક્ષણિક વાર્ષિક ફીથી ભરવા માટે શૈક્ષણિક પ્રવેશ વર્ષ- ૨૦૨૫-૨૬ ની પ્રવેશ કાર્યવાહિ માટે કેન્દ્રિય પ્રવેશ સમિતિને આપવાની રહેશે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે એમ.બી.બી.એસ અભ્યાસક્રમમાં પ્રવેશ માટે વાર્ષિક ફીનું ધોરણ પત્રક-૧ નીચે મુજબ છે.

પત્રક-૧

| ક્રમ | બેઠકનો પ્રકાર | જીએમઇઆરએસના ફીના ધોરણો |
|---|---|---|
| ૧ | સરકારી કવોટા | રૂ. ૩.૭૫ લાખ |
| ૨ | મેનેજમેન્ટ કવોટા | રૂ. ૧૨.૦૦ લાખ |
| ૩ | એન.આર.આઇ કવોટા | ૨૫૦૦૦/- યુ.એસ ડોલર |

પત્રક-૨

| ક્રમ | કોલેજ | કુલ મજુર બેઠક | સરકારી ક્વોટાની બેઠકો ૭૫% લેખે | | મેનેજમેન્ટ ક્વોટાની બેઠકો ૧૦% લેખે * | એન.આર. આઇ. ક્વોટાની બેઠકો ૧૫ % લેખે |
|---|---|---|---|---|---|---|
| | | | સ્ટેટ | ઓલ ઇન્ડિયા | | |
| ૧ | સોલા-અમદાવાદ | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૨ | ગોત્રી-વડોદરા | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૩ | ગાંધીનગર | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૪ | વલસાડ | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૫ | ધારપુર-પાટણ | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૬ | હિંમતનગર | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૭ | જુનાગઢ | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૮ | વડનગર | ૨૦૦ | ૧૫૦ | ૦૦ | ૨૦ | ૩૦ |
| ૯ | રાજપીપળા-નર્મદા | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| ૧૦ | નવસારી | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| ૧૧ | પોરબંદર | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| ૧૨ | ગોધરા-પંચમહાલ | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| ૧૩ | મોરબી | ૧૦૦ | ૬૦ | ૧૫ | ૧૦ | ૧૫ |
| | કુલ | ૨૧૦૦ | ૧૫૦૦ | ૭૫ | ૨૧૦ | ૩૧૫ |

Signature Not Verified
Signed by:DR MANISH RAMAVAT
Chief Executive Officer
Date: 2025.07.07 13:12:16 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

રૂ ૩.૭૫ લાખ વાર્ષિક ફી થી સરકારી ક્વોટા તરીકે ભરવાની રહેશે.

સરકારી ક્વોટાની બેઠક પર પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસેથી તેઓ એમ.બી.બી.એસનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી એક વર્ષ સુધી જીએમઈઆરએસમાં સેવા આપવાની રહેશે અને જો આવી સેવા ન આપે તો તેઓ પાસેથી રૂ.૨.૦૦ લાખ (અંકે રૂપિયા બે લાખ પુરા) વસુલ કરવાના રહેશે. તેમજ કોઇ તબીબી વિદ્યાર્થી સરકારશ્રીની યોજનાઓનો લાભ મેળવે તો તેને સરકારશ્રીના તબીબી શિક્ષણ અને સંશોધન (ત.શિ) ગાંધીનગરના નિયમ મુજબ બોન્ડ લાગુ રહેશે. તે મુજબ સંબંધિત તબીબી વિદ્યાર્થીએ જીએમઈઆરએસ હેઠળની જે તે મેડીકલ કોલેજમાં પ્રવેશ સમયે બોન્ડ રજુ કરવાનો રહેતો હોવાથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પાસેથી ઉપર મુજબ બોન્ડ લેવાનો રહેશે. તે મુજબની જાણ સંબંધિત ઉમેદવારને કરવાની રહેશે.

ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર

જીએમઈઆર સોસાયટી

ગાંધીનગર.

**નકલ સવિનય રવાના:-**

- અંગત સચિવશ્રી, માન. આરોગ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ.
- રહસ્ય સચિવશ્રી, માન.અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનું કાર્યાલય, બ્લોક નં. ૭, સચિવાલય ગાંધીનગર
- રહસ્ય સચિવશ્રી, માન.કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને ત.શિ નું કાર્યાલય, બ્લોક નં. ૫, ડૉ જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધનની કચેરી, બ્લોક નં. ૪, જુના સચિવાલય ગાંધીનગર.
- સભ્યસચિવશ્રી, એડમિશન કમિટી ફોર પ્રોફેશનલ અંડર ગ્રેજયુએટ મેડીકલ એજયુકેશન કોર્ષીસ, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગર તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.
- સભ્ય સચિવશ્રી, ફી રેગ્યુલેટરી કમિટિ, ૫ બંગ્લોઝ, ગુલમહોર એપાર્ટમેન્ટ પાસે, ગુલબાઇ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫
- રહસ્ય સચિવશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, બ્લોક નં. ૧૨, ડૉ.જીવરાજ મહેતા ભવન ગાંધીનગર તરફ જાણ સારૂ.
- નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ વિભાગ, બીજો માળ, બ્લોક નં. ૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ વિભાગ, ત્રીજો માળ, બ્લોક નં. ૪, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ જાણ સારૂ
- કમિશ્નરશ્રી, આદિજાતિ કલ્યાણ વિભાગ, બિરસા મુંડા ભવન, સેકટર ૧૦ ગાંધીનગર તરફ જાણ સારૂ..
- ખાસ ફરજ પરના અધિકારી, KCG પ્રજ્ઞા પૂરમ કેમ્પસ, પી.આર.એલ પાસે એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ નવરંગપુરા અમદાવાદ-૩૮૦૦૧૫

**નકલ રવાના:-**

- તબીબી અધિક્ષકશ્રી, જીએમઈઆરએસ મેડીકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ તમામ તરફ જાણ સારૂ.
- હિસાબી શાખા; સદર કચેરી તરફ જાણ તેમજ યોગ્ય કાર્યવાહી સારૂ.

Signature Not Verified

Signed by:DR MANISH RAMAVAT
Chief Executive Officer
Date: 2025.07.07 13:12:16 +05:30